No. of Printed Pages : **5**

**6850**

Register Number | | | | | | |

# Language – Part IV – GUJARATI

Time Allowed : 2½ Hours ]   [ Maximum Marks : 100

સૂચના : (1) પ્રશ્ન પત્રનું મુદ્રણ સંતોષકારક છે તે તપાસી લેવું. જો કોઈ ખામી લાગી તો, ખંડ પરિનિરીક્ષક ને તુરત જાણ કરવી.

(2) લખવા તથા અન્ડરલાઈન કરવા માટે ભૂરી અથવા કાળી સ્યાહીનો ઉપયોગ કરવો અને ચિત્ર દોરવા માટે પેન્સિલનો ઉપયોગ કરવો.

**I.** યોગ્ય જવાબ શોધીને લખો. **10x1=10**

**1.** વરસાદમાં ભીંજાય છે _________.

(a) વૃક્ષો (b) પશુપક્ષીઓ (c) હાથીને ઘોડલા

**2.** 'ભજ રે ભજ તું' ભૂતળમાં જેની _________.

(a) જશોદા માવલડી (b) સીતા (c) ગંગા

**3.** અમરતકાકીની ગાંડી દીકરીનું નામ _________ હતું.

(a) મંગુ (b) યમુના (c) ગીતા

**4.** જુમાએ _________ પાળ્યો હતો.

(a) પાડો (b) બિલાડી (c) ગાય

**5.** કાશીમાની કૂતરીનું નામ _________.

(a) કાબરી (b) ટોમી (c) ડૉગી

**6.** વિલોમ શબ્દ લખો.

આદર _________ વિકારી

(a) અનાદર, અવિકારી (b) અધમ - વિયોગ (c) દુર્લભ-ગમન

[ Turn over

7. ભાવવાચક સંજ્ઞા લખો.
તાજુ __________ લઘુ __________.
(a) તાજગી, લઘુતા (b) સુંદરતા લઘુ (c) રાજીયો, ભક્તિ

8. શબ્દાર્થ લખો.
ભૂતળ __________ ગાવલડી __________.
(a) પૃથ્વી, ગાય (b) આકાશ, બળદ (c) નદી, વૃક્ષ

9. વિશેષણ લખો.
પાંચ __________ હોંશિયાર
(a) સંખ્યાવાચક, ગુણવાચક
(b) પુરૂષવાચક, સ્વવાચક
(c) નિજવાચક, પ્રશ્નવાચક

10. શબ્દસમૂહ માટે એક શબ્દ લખો.
હાથીને હાંકનાર
(a) મહાવત (b) બળવાન (c) ગજરાજ

II. ખાલી જગ્યા પૂરો. **10x1=10**

11. શીલાની દીકરીનું નામ __________ હતું.

12. જુમો બચપનમાં __________ હતો.

13. ભજ રે ભજ તું ભૂતળમાં કવિતાના કવિ __________ છે.

14. નદી કિનારે બેઠો એક __________.

15. મસ્તક, મુગટ, કુંડળ __________.

16. સર્વનામ લખી ખાલી જગ્યા પૂરો.
__________ ક્યાં જાઓ છો ?

17. વિશેષણ લખી ખાલી જગ્યા પૂરો.
મારી પાસે __________ રૂપિયા છે.

18. સંજ્ઞા લખી ખાલી જગ્યા પૂરો.
__________ પર્વત સૌથી મોટો છે.

19. ક્રિયાપદ લખી ખાલી જગ્યા પૂરો.
હું ક્રિકેટ __________.

20. વિભક્તિ લખી ખાલી જગ્યા પૂરો.
મારા ભાઈ __________ નામ ભરત છે.

III. કોઈપણ છ (6) પ્રશ્નના જવાબ લખો. **6x2=12**

21. કૃષ્ણનું મુખડું કેવું છે ?

22. કવિ મહેમાનોની ક્ષમા શા માટે માગે છે ?

23. જરમર વર્ષાથી શું શું ભીંજાય છે ?

24. પત્ની ચાકરીએ જતાં કોને રોકે છે ?

25. ગોપીઓ કોનાથી રીસાય છે ?

26. અમરતકાકીને કેટલા દીકરા-દીકરી હતા ?

27. સુહાસની દીકરીનું નામ શું હતું ?

28. ગાંધીજી કયા રસ્તે ચાલતા હતા ?

**IV.** કોઈપણ <u>પાંચ</u> પ્રશ્નના વિસ્તારપૂર્વક જવાબ લખો. **5x6=30**

**29.** દવાખાનામાં અમરતકાકીએ મંગુ માટે શી શી ભલામણ કરી ?

**30.** જુમાનું બચપન કેવી રીતે વિત્યું હતું ?

**31.** તૈલપે શો ઢંઢેરો પીટાવ્યો ?

**32.** નરસિંહ મહેતાએ ગાયેલા શ્રીકૃષ્ણની મહિમાનું વર્ણન કરો.

**33.** કવિ અમૃતને અંજલિમાં ઝીલવાનું શા માટે ના પાડે છે ?

**34.** ‘મહેમાનોને સંબોધન’ કાવ્યમાં વ્યક્ત થતો આતિથ્યભાવ વર્ણવો.

**35.** માણસ ક્યાં ખોવાઈ ગયો છે ?

**36.** જિદ્દુનાથ વૃદ્ધ હોવા છતાં શા માટે દોડધામ કરતા હતા ?

**V.** કોઈપણ એક કાવ્ય પૂર્ણ કરો. **1x10=10**

**37.** ફૂલડાં કટોરી

**અથવા**

**38.** ભજ રે ભજ તું

**VI.** કોઈપણ એક વિષય પર આશરે 100 શબ્દોમાં નિબંધ લખો. **1x8=8**

**39.** મહાત્મા ગાંધી

**40.** વિજ્ઞાનથી થતા લાભ-હાનિ

**41.** દીવાળી

**42.** ભારતમાં આતંકવાદ

**VII.** પત્રલેખન : **1x10=10**

**43.** તમારી શાળામાંથી પ્રવાસે લઈ જવાના છે તે માટે પરવાનગી માગતો પત્ર તમારા પિતાજીને લખો.

**અથવા**

**44.** તમારા વિસ્તારમાં ખૂબ કચરો, ગંદગી વધી જવાથી મચ્છરનો ત્રાસ ખૂબ જ વધી ગયો છે તે માટે નગરપાલિકાના અધિકારીને અરજીપત્ર લખો.

**VIII. 45.** યોગ્ય રીતે જોડો. **5x1=5**

| | અ | બ |
|---|---|---|
| (a) | પ્રભાશંકર | નાનાલાલ |
| (b) | અમરતકાકી | લોકગીત |
| (c) | મુંજ | લોહીની સગાઈ |
| (d) | આભમાં ઝીણી ઝબૂકે વિજળી | થીંગડું |
| (e) | ફૂલડાં કટોરી | પૃથ્વીવલ્લભ કેમ ખંચાયો ? |

**IX.** ગુજરાતીમાં અનુવાદ કરો. **5**

**46.** Books are our friends. Reading is a good habit, it develop good character. In days of old books were written by hand. But today printed books are available. We have number of books on various subjects.

**- o 0 o -**